# - ૨ -

# અજીવ અધિકાર

હવે અજીવ અધિકાર કહેવામાં આવે છે.

આ, પુદ્‌ગલદ્રવ્યના ભેદોનું કથન છે.

પરમાણુ તેમ જ સ્કંધ એ બે ભેદ પુદ્‌ગલદ્રવ્યના;
છ વિકલ્પ છે સ્કંધો તણા ને ભેદ બે પરમાણુના. ૨૦.

**અન્વયાર્થ :**—પરમાણુ અને સ્કંધ એવા બે ભેદથી પુદ્‌ગલદ્રવ્ય બે ભેદવાળું છે; સ્કંધો ખરેખર છ પ્રકારના છે અને પરમાણુના બે ભેદ છે. ।।૨૦।।

આ, વિભાવપુદ્‌ગલના સ્વરૂપનું કથન છે.

અતિથૂલથૂલ, થૂલ, થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મથૂલ, વળી સૂક્ષ્મ ને
અતિસૂક્ષ્મ—એમ ધરાદિ પુદ્‌ગલસ્કંધના છ વિકલ્પ છે. ૨૧.

ભૂપર્વતાદિક સ્કંધને અતિથૂલથૂલ જિને કહ્યા,
ઘી-તેલ-જળ ઇત્યાદિને વળી થૂલ સ્કંધો જાણવા; ૨૨.

આતપ અને છાયાદિને થૂલસૂક્ષ્મ સ્કંધો જાણજે,
ચતુરિંદ્રિયના જે વિષય તેને સૂક્ષ્મથૂલ કહ્યા જિને; ૨૩.

વળી કર્મવર્ગણયોગ્ય સ્કંધો સૂક્ષ્મ સ્કંધો જાણવા,
તેનાથી વિપરીત સ્કંધને અતિસૂક્ષ્મ સ્કંધો વર્ણવ્યા. ૨૪.

**અન્વયાર્થ :**—અતિસ્થૂલસ્થૂલ, સ્થૂલ, સ્થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મસ્થૂલ, સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ એમ પૃથ્વી વગેરે સ્કંધોના છ ભેદ છે. ।।૨૧।।

ભૂમિ, પર્વત વગેરે અતિસ્થૂલસ્થૂલ સ્કંધો કહેવામાં આવ્યા છે; ઘી, જળ, તેલ વગેરે સ્થૂલ સ્કંધો જાણવા. ।।૨૨।।

છાયા, આતપ વગેરે સ્થૂલસૂક્ષ્મ સ્કંધો જાણ અને ચાર ઈન્દ્રિયોના વિષયભૂત સ્કંધોને સૂક્ષ્મસ્થૂલ કહેવામાં આવ્યા છે. ।।૨૩।।

વળી કર્મવર્ગણાને યોગ્ય સ્કંધો સૂક્ષ્મ છે; તેમનાથી વિપરીત (અર્થાત્ કર્મવર્ગણાને અયોગ્ય) સ્કંધો અતિસૂક્ષ્મ કહેવામાં આવે છે. ।।૨૪।।

આ, કારણપરમાણુદ્રવ્ય અને કાર્યપરમાણુદ્રવ્યના સ્વરૂપનું કથન છે.

જે હેતુ ધાતુચતુષ્કનો તે કારણાણુ જાણવો;
સ્કંધો તણા અવસાનને વળી કાર્યપરમાણુ કહ્યો. ૨૫.

**અન્વયાર્થ** :—વળી જે (પૃથ્વી, પાણી, તેજ ને વાયુ—એ) ચાર ધાતુઓનો હેતુ છે, તે કારણપરમાણુ જાણવો; સ્કંધોના અવસાનને (–છૂટા પડેલા અવિભાગી અંતિમ અંશને) કાર્યપરમાણુ જાણવો. ।।૨૫।।

આ, પરમાણુનું વિશેષ કથન છે.

જે આદિ-મધ્યે અંતમાં પોતે જ છે, અવિભાગી છે,
જે ઈન્દ્રિથી નહિ ગ્રાહ્ય છે, પરમાણુ જાણો તેહને. ૨૬.

**અન્વયાર્થ** :—પોતે જ જેનો આદિ છે, પોતે જ જેનું મધ્ય છે અને પોતે જ જેનો અંત છે (અર્થાત્ જેના આદિમાં, મધ્યમાં અને અંતમાં પરમાણુનું નિજ સ્વરૂપ જ છે), જે ઈન્દ્રિયોથી ગ્રાહ્ય (જણાવાયોગ્ય) નથી અને જે અવિભાગી છે, તે પરમાણુદ્રવ્ય જાણ. ।।૨૬।।

આ, સ્વભાવપુદ્ગલના સ્વરૂપનું કથન છે.

બે સ્પર્શ, રસ–રૂપ–ગંધ એક, સ્વભાવગુણમય તેહ છે;
જિનસમયમાંહી વિભાવગુણ સર્વાક્ષપ્રગટ કહેલ છે. ૨૭.

**અન્વયાર્થ :**—જે એક રસવાળું, એક વર્ણવાળું, એક ગંધવાળું અને બે સ્પર્શવાળું હોય, તે સ્વભાવગુણવાળું છે; વિભાવગુણવાળાને [1]જિનસમયમાં સર્વપ્રગટ (સર્વ ઈન્દ્રિયોથી ગ્રાહ્ય) કહેલ છે. ॥૨૭॥

આ, પુદ્‌ગલપર્યાયના સ્વરૂપનું કથન છે.

પરિણામ પરનિરપેક્ષ તેહ સ્વભાવપર્યય જાણવો;
પરિણામ સ્કંધસ્વરૂપ તેહ વિભાવપર્યય જાણવો. ૨૮.

**અન્વયાર્થ :**—અન્યનિરપેક્ષ (અન્યની અપેક્ષા વિનાનો) જે પરિણામ તે સ્વભાવપર્યાય છે અને સ્કંધરૂપે પરિણામ તે વિભાવપર્યાય છે. ॥૨૮॥

આ, પુદ્‌ગલદ્રવ્યના કથનનો ઉપસંહાર છે.

પરમાણુને 'પુદ્‌ગલદરવ' વ્યપદેશ છે નિશ્ચય થકી;
ને સ્કંધને 'પુદ્‌ગલદરવ' વ્યપદેશ છે વ્યવહારથી. ૨૯.

**અન્વયાર્થ :**—નિશ્ચયથી પરમાણુને 'પુદ્‌ગલદ્રવ્ય' કહેવાય છે અને વ્યવહારથી સ્કંધને 'પુદ્‌ગલદ્રવ્ય' એવું નામ હોય છે. ॥૨૯॥

આ, ધર્મ-અધર્મ-આકાશનું સંક્ષિપ્ત કથન છે.

જીવ-પુદ્‌ગલોને ગમન-સ્થાનનિમિત્ત ધર્મ-અધર્મ છે;
જીવાદિ સર્વ પદાર્થને અવગાહહેતુ આભ છે. ૩૦.

**અન્વયાર્થ :**—ધર્મ જીવ-પુદ્‌ગલોને ગમનનું નિમિત્ત છે અને અધર્મ (તેમને) સ્થિતિનું નિમિત્ત છે; આકાશ જીવાદિ સર્વ દ્રવ્યોને અવગાહનનું નિમિત્ત છે. ॥૩૦॥

આ, વ્યવહારકાળના સ્વરૂપનું અને તેના વિવિધ ભેદોનું કથન છે.

**આવલિ–સમયના ભેદથી બે ભેદ વા ત્રણ ભેદ છે;**
**સંસ્થાનથી સંખ્યાતગુણ આવલિપ્રમાણ અતીત છે. ૩૧.**

**અન્વયાર્થ :**—સમય અને આવલિના ભેદથી વ્યવહારકાળના બે ભેદ છે અથવા (ભૂત, વર્તમાન અને ભવિષ્યના ભેદથી) ત્રણ ભેદ છે. અતીત કાળ (અતીત) સંસ્થાનોના અને સંખ્યાત આવલિના ગુણાકાર જેટલો છે. ॥૩૧॥

આ, મુખ્ય કાળના સ્વરૂપનું કથન છે.

**જીવોથી ને પુદ્‌ગલથી પણ સમયો અનંતગુણા કહ્યા;**
**તે કાળ છે પરમાર્થ, જે છે સ્થિત લોકાકાશમાં. ૩૨.**

**અન્વયાર્થ :**—હવે, જીવથી તેમ જ પુદ્‌ગલથી પણ અનંતગુણા સમયો છે; અને જે (કાલાણુઓ) લોકાકાશમાં છે, તે પરમાર્થ કાળ છે.।૩૨।

આ, કાળાદિ શુદ્ધ અમૂર્ત અચેતન દ્રવ્યોના સ્વભાવગુણપર્યાયોનું કથન છે.

**જીવપુદ્‌ગલાદિ પદાર્થને પરિણમનકારણ કાળ છે;**
**ધર્માદિ ચાર સ્વભાવગુણપર્યાયવંત પદાર્થ છે. ૩૩.**

**અન્વયાર્થ :**—જીવાદિ દ્રવ્યોને પરિવર્તનનું કારણ (–વર્તનાનું નિમિત્ત) કાળ છે. ધર્માદિ ચાર દ્રવ્યોને સ્વભાવગુણપર્યાયો હોય છે. ॥૩૩॥

આ ગાથામાં કાળદ્રવ્ય સિવાય પૂર્વોક્ત દ્રવ્યો જ પંચાસ્તિકાય છે એમ કહ્યું છે.

**જિનસમયમાંહી કાળ છોડી શેષ પાંચ પદાર્થ જે**
**તે અસ્તિકાય કહ્યા; અનેકપ્રદેશયુત તે કાય છે. ૩૪.**

**અન્વયાર્થ :**—કાળ છોડીને આ છ દ્રવ્યોને (અર્થાત્‌ બાકીનાં

પાંચ દ્રવ્યોને) જિનસમયમાં (જિનદર્શનમાં) ‘અસ્તિકાય’ કહેવામાં આવ્યાં છે. બહુપ્રદેશીપણું તે કાયત્વ છે. ॥૩૪॥

આમાં છ દ્રવ્યોના પ્રદેશનું લક્ષણ અને તેના સંભવનો પ્રકાર કહેલ છે. (અર્થાત્ આ ગાથામાં પ્રદેશનું લક્ષણ તેમ જ છ દ્રવ્યોને કેટલા કેટલા પ્રદેશ હોય છે તે કહ્યું છે).

અણસંખ્ય, સંખ્ય, અનંત હોય પ્રદેશ મૂર્તિક દ્રવ્યને,
અણસંખ્ય જાણ પ્રદેશ ધર્મ, અધર્મ તેમ જ જીવને; ૩૫.

અણસંખ્ય લોકાકાશમાંહી, અનંત જાણ અલોકને,
છે કાળ એકપ્રદેશી, તેથી ન કાળને કાયત્વ છે. ૩૬.

**અન્વયાર્થ** :—મૂર્ત દ્રવ્યને સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશો હોય છે; ધર્મ, અધર્મ તેમ જ જીવને ખરેખર અસંખ્યાત પ્રદેશો છે. ॥૩૫॥

લોકાકાશને વિષે ધર્મ, અધર્મ તેમ જ જીવની માફક (અસંખ્યાત પ્રદેશો) છે; બાકીનું જે અલોકાકાશ તેને અનંત પ્રદેશો છે. કાળને કાયપણું નથી, કારણ કે તે એકપ્રદેશી છે. ॥૩૬॥

આ, અજીવદ્રવ્ય સંબંધી કથનનો ઉપસંહાર છે.

છે મૂર્ત પુદ્‌ગલદ્રવ્ય, શેષ પદાર્થ મૂર્તિવિહીન છે;
ચૈતન્યયુત છે જીવ ને ચૈતન્યવર્જિત શેષ છે. ૩૭.

**અન્વયાર્થ** :—પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત છે, બાકીનાં દ્રવ્યો મૂર્તત્વ રહિત છે; જીવ ચૈતન્યભાવવાળો છે, બાકીનાં દ્રવ્યો ચૈતન્યગુણ રહિત છે.॥૩૭॥

આ રીતે, શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો **અજીવ અધિકાર** નામનો બીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.